SAMVAD E-JOURNAL
ISSN (Online): 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, July to September : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

પ્રભુદાસ પટેલના વાર્તાસંગ્રહ 'વન્યરાગ'માં પ્રતિબિંબિત સામાજિક વાસ્તવ

ડૉ. મિહિર રમેશભાઈ ચૌધરી

આધુનિકોત્તર ગુજરાતી ટૂંકીવાર્તામાં ગ્રામીણ અને આદિવાસી જનજીવનના પોતને તળપદી ભાષાની લઢણો સાથે પ્રગટાવવામાં વાર્તાકાર પ્રભુદાસ પટેલનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત તેમના વાર્તાસંગ્રહ 'વન્યરાગ' (પ્રથમ આવૃત્તિ ૨૦૧૪, બીજી સંવર્ધિત આવૃત્તિ ૨૦૧૯)માં સમાવિષ્ટ વાર્તાઓ ઉત્તર-પૂર્વ ગુજરાતના ડુંગરાળ આદિવાસી અને ગ્રામીણ સમાજના રીતરિવાજો, અંધશ્રદ્ધા, નારીશોષણ, નાતપંચની જોહુકમી, જંગલ-જમીનના પ્રશ્નો તેમજ બદલાતા સામાજિક-રાજકીય મૂલ્યોનું તલસ્પર્શી આલેખન કરે છે. આ લેખમાં 'વન્યરાગ' વાર્તાસંગ્રહની દરેક વાર્તાને સામાજિક સંદર્ભે તેમાં નિરૂપાયેલા સમાજજીવનના વિવિધ પરિમાણોને તપાસવાનો ઉપક્રમ છે.

આ સંગ્રહની વાર્તાઓમાં ડુંગરીઓ, ખોલરાં, હોળીચોક, ધરતીમાતાનો ડુંગર અને વનરાજીની વચ્ચે શ્વસતા માનવીના સુખ-દુ:ખની કથાઓ ગૂંથાઈ છે. વાર્તાકારે માત્ર બાહ્ય પરિવેશ જ નથી રચ્યો, પરંતુ આદિવાસી અને ગ્રામીણ સમાજમાં પ્રવર્તતી 'નાતરું', 'હાટાપાટા', 'ચૂલ્લા-કરમ', 'વેર', 'નાતપંચ'ના શોષણખોર ચુકાદાઓ, દારૂનું વ્યસન, ભગત-ભૂવા અને ડાકલાંની અંધશ્રદ્ધા તથા આધુનિક શિક્ષણને કારણે સર્જાતા પેઢીગત સંઘર્ષને કલાત્મક રીતે ઉજાગર કર્યા છે. અહીં પ્રત્યેક વાર્તાને સામાજિક સંદર્ભે જોઈએ.

૧. 'ઉજાસ' :

'ઉજાસ' વાર્તામાં વનવાસી સમાજની રોજિંદી જીવનશૈલી, અંધશ્રદ્ધા અને સંયુક્ત પરિવારમાં દિયર-ભાભીના પવિત્ર સંબંધો પર સામાજિક કુથલીથી પડતા પ્રભાવનું નિરૂપણ થયું છે. વાર્તાનો નાયક ધનજી (ધનિયો) જંગલમાંથી લાકડાં કાપવાનો, બકરાં ચારવાનો અને સાંજે ગામલોકોના દુ:ખોનું દોરા-ધાગા કે ડાકલાં વડે નિવારણ કરવાનો પરંપરાગત વ્યવસાય કરે છે:

"ધનાપાઈ, મારે ઘેર ડાકલું કૂટાવણું હે'...ધનાપૈં, મારે તો બળધ્યો બિમાર થઈ ગ્યો, વાયરો નાંખી આલો'-આવાં તો કૈંક દુ:ખોનું નિવારણ ધનિયો દોરા-ધાગા, ઝાડા ઝાપટા કે ડાકલું કૂટીને કરતો હોય." (પેજ. 63)

સામાજિક સંદર્ભે આ વાર્તામાં ગ્રામીણ પરિવારની સ્ત્રી સતુની કૌટુંબિક નિષ્ઠા અત્યંત ઉદાત્ત રીતે ઉપસી આવે છે. આદિવાસી સમાજમાં લગ્ન સમયે 'દાપા' (દહેજ)ની પ્રથાને કારણે કુંવારા રહેલા દિયર લખમણના લગ્ન ન થાય ત્યાં સુધી સતુ પોતાની ગમતીલી વસ્તુ ખરીદવાનો પણ ત્યાગ કરે છે:

"તમાંને તો કઈ ખબર પડે છે કે નીં ? દાપા હાટૂ તે દેવરિયો કુંવારો છે ને મું માંદળિયું પે'રું ઈ કેવું કે'વાય ?" (પેજ. 66)

પરંતુ ગામની જ ચારિત્ર્યહીન સ્ત્રી ગોરી (જેણે અગાઉ નવરાત્રીના ઉત્સવમાં ધનિયાને વીંછી ડંખ્યાના બહાને અંધારામાં ખેંચી જઈ લલચાવવાનો પ્રયાસ કરેલો) ધનિયાના કાનમાં સતુ અને લખમણના આડા સંબંધની ઝેરી વાત મૂકે છે:

"વીરા, ઘરની હાંલ્લીમાં પારકું આથ મારે એ કેવું કે'વાય ?" (પેજ. 65)

લોકનિંદા અને શંકાના વંટોળમાં ફસાયેલો ધનિયો આપઘાત કરવા સુધી પહોંચી જાય છે, પરંતુ અંતે તેના પિતા મનજી ભગતે આપેલું લોકડહાપણ અને જીવનદર્શન તેને બચાવી લે છે:

"બેટા, હવ હવનો (સૌનો) ઈસાબ રાખવાવાળી ધરતીમાતા બેઠી છે. પછે તને હું ચંત્યા ? તું જીવ ટૂંકો નીં કર. મનેખના માળામાં ઉલાળા-પલાળા નીં થાય તો કૂને થાય ? પાં..ણ જિરવે ઈંસ મનેખ." (પેજ. 66)

આમ, આ વાર્તા વનવાસી સમાજમાં નવરાત્રીના દેવરા પાસેના ધૂણવાના રિવાજો, લોકગીતો અને પારિવારિક વિશ્વાસના વિજયને પ્રગટ કરે છે.

૨. 'ખાખી જીવડાં' :

'ખાખી જીવડાં' વાર્તામાં પતિના અવસાન પછી સ્ત્રીની સંમતિ વિના કુટુંબીજનો દ્વારા બળજબરીથી કરવામાં આવતી 'નાતરું' (છેડાગાંઠ)ની કુપ્રથા અને પુરુષસત્તાક સમાજની હિંસક માનસિકતાનું ભયાવહ ચિત્ર રજૂ થયું છે. નાયિકા શનુના પતિ પરભુના મૃત્યુને હજી ત્રણેક મહિના જ થયા છે, ત્યાં તેના સાસુ-સસરા અને કુટુંબીઓ પરભુના જ પિતરાઈ ભાઈ ચંદુડા સાથે શનુની છેડાગાંઠ કરવાનું કાવતરું રચે છે. શનુની વેદનામાં સમગ્ર નારીજાતિની પરવશતા પડઘાય છે:

"આજે કટમ્બીઓ છેડાગાંઠ કરવા બેઠા સે ઈમ ? મારી છેડાગાંઠ ? નાતરું ? ને ઈયે ઈ ગોલરા હંગાત્યે ? હંઅ, એટલા હાટૂ જ કાનફુસિયાં ! પાં...ણ મને પૂછ્યા વ'ના ? જીબ્બાનું તો મારે સે કે ઈયાંએ ? શું કોમ દૂબળીને પાટું મેલવા તિયાર થ્યાં અશે ?" (પેજ. 72)

વાર્તાકાર અહીં સવલીના દૃષ્ટાંત દ્વારા સમાજમાં સ્ત્રીઓની પશુ સમાન સ્થિતિનો પર્દાફાશ કરે છે:

"શનુ, કટમ્બીઓ તો હન્નેય એવા જ ! પેલી હવલીનો જ વચાર કરને ! કટમ્બે તો ઈને ઈના જ દેવર હંગાત્યે ગાંગરતા ઊંટની પેઠમ પલાણી દીધેલી. ઈને કટમ્બે ક્યાં પૂછ્યું'તું ?" (પેજ. 72)

સૌથી કરુણ બાબત એ છે કે સમાજની સ્ત્રીઓ જ પિતૃસત્તાના હાથનું હથિયાર બનીને શનુને એકલા ન જીવી શકાય તેવી શિખામણ આપે છે:

"બાઈ, આપડો તે કાંય અવતાર સે ? ના, ના આપડાથી આદમી પેઠમ કાંય એકલાં જીવાય ? કે' જો... અરે બૂન, બાવળિયાના ઠૂંઠા પેઠમ તો દા'ડા વળતા અશે વળી ?" (પેજ. 73)

શનુના પેટમાં પરભુનું સંતાન ઉછરી રહ્યું છે અને તે જાણે છે કે ચંદુડાએ જ દારૂ પાઈને પરભુની હત્યા કરી છે. જ્યારે શનુ આઘાતથી બેભાન બને છે ત્યારે અંધશ્રદ્ધાળુ સમાજ તેને 'વળગાડ' સમજીને સૂકાં મરચાંનો ધૂપ અને દેવતાનો શેક કરે છે. અંતે શનુ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી, સળગતા ઘાસનો પૂળો લઈને 'ખાખી જીવડાં' સમાન શોષણખોર પુરુષો પાછળ ધસે છે અને તેમને મકાઈના ખેતરમાં નાસવા મજબૂર કરે છે:

"તે ઓચિંતી જ આગપૂળો ઝંઝેડતી શનુ 'એ જીવડાંને બાળો... એ જીવડાંને બાળી નાંખો'ની ચીસ સાથે પુરુષો સામે ધસી કે હબકી ગયેલા પુરુષો દોડીને મકાઈમાં...!" (પેજ. 75)

૩. 'તું આને ય લાયક ખરો ?' :

આ વાર્તામાં આદિવાસી સમાજમાં પતિના મૃત્યુ બાદ કરવામાં આવતી 'ચૂલ્લા-કરમ' (ચૂડી વધેરવાની) વિધિ, વિધવા સ્ત્રી તરફ જોવાનો સમાજનો સંકુચિત દૃષ્ટિકોણ અને સ્ત્રીના સ્વમાનની ખુમારી નિરૂપાઈ છે. પશાના મૃત્યુ પછી કાંતા તુરંત 'ચૂલ્લા-કરમ' કરતી નથી, તેથી ગામની સ્ત્રીઓ બેસણામાં જ તેના ચારિત્ર્ય પર કીચડ ઉછાળે છે:

"બાઈ બાઈ, હાચ્યું બૈરું વૉય તો આદમીના મર્યા પૂંઠે ચૂલ્લો-વધેરે કે નૈ ? નકી ઈ વંતરીના વા'લમાં જ પશો ભઈ વેતરાઈ ગ્યા." (પેજ. 83) "હોવે બાઈ ! હાચ્યું કેજ્જુ હો? પેલી કેવ્વતમાં નથી કયું કે બૈરું વૉય કે બાયણું- બે ય બરાબરીનાં ! ઊઘડે તૈસ ખબર પડે. ઈ રૂપાળીએ પાંણ બાયણાવાળો સ ઘાટ કીધો હો !" (પેજ. 83)

વાસ્તવમાં, ટીંબા ગામનો લફંગો જગલો કાંતાને પામવા માટે હોળીના ઉત્સવમાં ઢોલ વગાડતા પશાને ઝેર આપીને મારી નાખે છે અને પછી મણકી મારફતે કાંતાને નાતરાનું કહેણ મોકલે છે. કાંતા પતિના હત્યારાનો બદલો લેવા જ નાતરાની ખોટી 'હા' પાડે છે અને બારમા પછીની રાત્રે આવેલા જગલાના ગુપ્તાંગ પર પ્રહાર કરીને પતિના મોતનો બદલો લે છે:

"એ ને પસે તો પશલાનું બારમું પત્યું કે પાંચમા દા'ડાની રાતે બાર વાગ્યે આવે ઈ તો ઉશીલો ઉશીલો થાત્તો ક ને. હાચ્યું જ કેઉં, પોપટ? ઈ બોકર્યો તો આંખો મેંસી મેંસીને, લેરમાં આઈ ગ્યો' તો ને મીં તો... ને મીં તો નૅચેથી હાત્તાંકને એવો ઝાટકો કર્યો કે રાંડનો તો...!" (પેજ. 77)

બદલો લીધા પછી જ કાંતા કાળાં વસ્ત્રો ધારણ કરી, સિંદૂર ભૂંસી, કાચની બંગડીને બદલે વિધવાના પ્રતીક સમા 'ચાંદીના ડખ' પહેરીને પોતાના બાળપણના ભણેલા મિત્ર પોપટ પાસે સત્ય કહેવા આવે છે. લોકનિંદાથી ભરમાઈ ગયેલા ભણેલા પોપટની માનસિકતા સામે કાંતાનું આ વિધાન સમગ્ર સમાજવ્યવસ્થા પર ચાબુક સમાન બની રહે છે:

"પોતાનાં વૉય ઈને તો બળ્યા વ'ના ના જ રહે પોપટ, પાંણ એક વાત કેઉં? આપડાં લોક કરતાં તે જેલ શ્યુ ખોટી ?" (પેજ. 84)

૪. 'દીકરી' :

'દીકરી' વાર્તામાં ગ્રામીણ-આદિવાસી સમાજમાં પ્રવેશતા ઉચ્ચ શિક્ષણના પરિણામે સર્જાતા સાંસ્કૃતિક સંઘર્ષ અને જ્ઞાતિના 'વટ-વહેવાર'ની જટિલતાનું આલેખન છે. અભણ વાલિયો પોતાની દીકરી દેવલીને હોંશે-હોંશે શહેરની કૉલેજમાં ભણાવે છે, જ્યારે તેની પત્ની શનુ પરંપરાગત સ્ત્રી-માનસિકતાને કારણે કન્યા-શિક્ષણનો વિરોધ કરતાં કહેવત ટાંકે છે:

"ઠાવકાં મોણહોએ અમથુ નથ્થ કીધું કે ફગેલી ગોફણનો પાણો ને જોવન્યાત દીકરી બેયાં બરાબરનાં, ઘડીમાં ક્યાં જઈ પડે એનું કાંય નક્કી નઈ." (પેજ. 86)

લગ્નના આગલા દિવસે 'નુતેર'ના પ્રસંગે જ ભણેલી દીકરી દેવલી પોતાની મરજી વિરુદ્ધ ગોઠવાયેલા લગ્નથી બચવા કૉલેજના વિધર્મી મિત્ર સાથે ભાગી જાય છે. નશામાં ચૂર અને આબરૂ જવાના ભયથી ફફડતો વાલિયો આક્રોશ ઠાલવે છે:

"હાંભળવું ઓય તો હાંભળી લ્યો, મારી દેવલી બીજા હંગાત્યે નાહી ગઈ. ને ઈનો બાપ વાલિયો મરી ગયો... ઈ ગાંડલાએ ઈને ભણાવી તી' ઈ જ ઈનું પાપ... નઈતર ભણીગણીને હપૈડા (સપાઈ-મુસલમાન) હંગાત્યે જાય?" (પેજ. 89)

અહીં આદિવાસી સમાજની સામાજિક વ્યવસ્થાનું બીજું પાસું પ્રગટ થાય છે : જાન પાછી ફરે તો સમાજમાં 'વટ'નો પ્રશ્ન બને અને બે ગામો વચ્ચે લોહિયાળ 'ધિંગાણું' થાય અથવા ભારે દંડ ભરવો પડે:

"જોણ કીદ્યા પૂંઠેય જોન આવે જ તો ઈનો અરથ ઈ થાય કે લાડી વંના એ નઈ જાય. કાં તો લાડી કાં તો ધિંગાણું. પાંણ આપડે ધિંગાણું થાવાના મતમા નથ્થ. ઉં ઈમ પૂંસુ હૂં કે વાલિયાના કટમ્બમાંયથી કોઈ લાડી આલ્વા તિયાર સે?" (પેજ. 90)

આ સંકટ સમયે વાલિયાનો પ્રશ્ન સમગ્ર ગામ અને કુટુંબનો પ્રશ્ન બની જાય છે. પિતરાઈ ભાઈ રામલાની દીકરી અને દેવલીની 'આંમલી' બનેલી કમળા પોતે આંમલીનો ધર્મ ચૂકી હોવાના અપરાધભાવથી આગળ આવે છે અને કુટુંબની આબરૂ બચાવવા પોતે લગ્ન કરવા તૈયાર થાય છે:

"વાલાકાકા, ઉં યે તમારી દીકરી જેવી નથ્થ ?" (પેજ. 91)

આ વાર્તામાં આદિવાસી સમાજના લગ્નગીતો, દેશી દારૂની છોળો, સામૂહિક નૃત્ય ('ઠેકવું') અને સંકટ સમયે વ્યક્તિગત સ્વાર્થથી ઉપર ઊઠીને ગામ-કુટુંબની લાજ સાચવવાની સામૂહિક ભાવનાનું જીવંત નિરૂપણ થયું છે.

૫. 'રોંમ-લખમણ' :

'રોંમ-લખમણ' વાર્તા ગ્રામીણ સમાજમાં શિક્ષણના પ્રવેશ સાથે બદલાતા કૌટુંબિક મૂલ્યો અને સંયુક્ત પરિવારના વિઘટનની કરુણતા રજૂ કરે છે. મોટા ભાઈ રવજી અને તેની નિ:સંતાન પત્ની સતુએ પેટે પાટા બાંધીને નાના ભાઈ લખમણને શહેરમાં ભણાવ્યો અને નોકરીએ લગાડ્યો. જ્યારે ગામલોકો ભણતરની ટીકા કરતા ત્યારે અભણ રવજી કહેતો:

"આપડા માટે તો ભલે કાળો અખ્ખર કોદાળા જેવો ર્યો પાંણ-ભયલા માટે તો એવું કિમ થાવા દેઉ ? ને ઇ ક્યાં પારકો સે ? ઇ ભણે ઇમાં આપડુંયે ભેગું જ આઈ ગ્યેલું સમજવાનું." (પેજ. 94)

સતુએ પણ પોતાના ઘરેણાં આપી દેતાં રવજીને કહેલું:

"એ શું બોલ્યા તમીં ? ઉં એની પારકી સું ? અંતે તો ઘી ખિચડીમાં જ હઢોળાવાનું સે ને ? ને ઈનાથી બીજું આપડા વસ્તારમાં સેય સું ?" (પેજ. 95)

પરંતુ લખમણના લગ્ન પછી તેની પત્ની લીલાના આગમનથી પરિવારમાં તિરાડ પડે છે. ગામલોકોની ચઢાવણી અને સંકુચિત સ્વાર્થવૃત્તિને કારણે લીલા મા સમાન ભાભી સતુ પર આળ મૂકે છે અને જેઠ રવજીને મહેણાં મારે છે. પિતાને આપેલું વચન તૂટતાં રવજી વડલા પરથી પડતું મૂકી આપઘાત કરવાનો વિચાર કરે છે, પણ પિતાના સંસ્કારોનું સ્મરણ થતાં તે પાછો વળે છે અને કૂટુંબમાં કલહ વધારવાને બદલે પોતાનું સર્વસ્વ નાના ભાઈને સોંપી દઈ કૂવાની ઓરડીએ રહેવા ચાલ્યો જાય છે:

"ભાઇ લખા, આપડે અડધો જન્મારો હંગાતે નભાવ્યો ઇ કઇ ઓસું સે? ઇમાં લીલાએ કસ્સું ખોટું કર્યું નથ્થ ને જે કઇ થ્યું ઇમાં ક'ળજગનો દોષ...પાંણ આજથી આપડે જુદા. તમીં આ ઘરમાં ખુશીથી ર્યો ઇ તમારું જ સે." (પેજ. 96)

૬. 'વેર' :

'વેર' વાર્તામાં આદિવાસી સમાજમાં કુંવાસીનું સાસરીમાં અકસ્માતે કે હત્યાથી મૃત્યુ થાય ત્યારે હોળીચોકમાં ઢોલ વગાડીને સાસરિયાના ગામ પર હથિયારો સાથે ત્રાટકવાની પ્રથા તથા તેના નામે ચાલતા પંચાતિયાઓના ભ્રષ્ટાચારનું નગ્ન સત્ય રજૂ થયું છે. રામા નગજીની દીકરી રૂપલીનું બેગોડ ગામમાં કૂવામાં પડવાથી મૃત્યુ થાય છે ત્યારે મુખી ભેમો (જે પૂર્વાશ્રમમાં રૂપલીનો પ્રેમી હતો અને રૂપલીના કાવલા સાથે ભાગી જવાથી અપમાનિત થયો હતો) વેર વાળવા અને પૈસા પડાવવા ઢોલ વગડાવે છે:

"ઢોલ વાગતાં જ મગરી મગરી, ખોલરે ખોલરેથી ઉ..વુ..વુ..ની કિલિયારીઓ સાથે, જાણે ગોફણમાંથી ગોળા છૂટ્યા હોય તેમ કોઈ ધારિયું લઈને, કોઈ કૂહાડા સાથે તો વળી કોઈ બૂધો કે તીર- કામઠા સાથે હોળીચોકમાં ... હાકલા, પડકારાના અવાજોથી ડુંગરીઓ જાણે ધૂણી ઊઠી." (પેજ. 100)

વાર્તામાં સાસરિયાના ત્રાસનું પણ કરુણ ચિત્ર છે; જીવતેજીવ રૂપલીએ ભેમાને મળીને નાતરું કરવાની આજીજી કરી હતી અને પતિ કાવજીએ સાથળ પર આપેલા ડામ બતાવ્યા હતા (પેજ. 102), ત્યારે ભેમાએ જ તેને 'એઠી' કહીને તરછોડી હતી. પરંતુ મૃત્યુ પછી એ જ રૂપલીની લાશ પંચાતિયાઓ માટે તોડપાણીનું સાધન બની જાય છે:

"પછી તો આખોય દિવસ પંચાતિયાઓના નામે રહ્યો. તેમને મન રૂપલી હવે રૂપલી નહોતી પણ લાશ હતી. વેર અને ગૂનાની ચર્ચાનો વિષયમાત્ર હતી. આવી તો કેટલીયે લાશો ગામડેગામડે, વેર વાળવાની આંટમાં કે ગૂનો માથે ઓઢાડવાની ભાંજગડમાં મહિનાઓ સુધી પોટલે બાંધેલી સબડ્યા કરતી હતી." (પેજ. 102-103)

દંડ પેટે મળેલી રકમમાંથી ભેમો પત્ની માટે લોકીટ કે ટી.વી. લાવવાના સપનાં જુએ છે, પરંતુ રાત્રે તેને રૂપલીની અનાથ દીકરીના આક્રંદની સાથે પોતાની દીકરી સોમલીની યાદ આવે છે:

"એ ભેમા,વખત છે ને તારુંયે બૈરું ખૂટી પડે તો તું તારી દીકરીને હૂં કેઈને દલાસો ઘે?" (પેજ. 104)

આ પિતૃસંવેદના જાગતાં ભેમો સવારે કાવજીના ગળે વળગીને રડી પડે છે અને દંડમાં પડાવેલી નોટોની થપ્પી કાવજીની દીકરીના હાથમાં મૂકીને ચાલ્યો જાય છે.

૭. 'થીંગડું' :

'થીંગડું' વાર્તામાં નાતરા (પુનર્લગ્ન)ની પ્રથાની પાછળ રહેલી સ્ત્રીની ભ્રમણા, પસ્તાવો અને સાવકા બાપના વ્યભિચારી વર્તન સામે માતાના રૌદ્ર પ્રતિકારનું આલેખન છે. નાયિકા ગૌરી પોતાના સરળ, નિર્વ્યસની અને પ્રેમાળ પ્રથમ પતિ રામજીને છોડીને લગ્નમાં ગીતો ગાતા છેલબટાઉ ચંદુડાના મોહમાં પડીને નાતરું કરે છે અને પોતાની દીકરી મીનાને પણ સાથે લાવે છે. પરંતુ ચંદુડાના દારૂના વ્યસન અને ત્રાસથી ત્રાસેલી ગૌરીને સમજાય છે કે નાતરું એ તો જીવનનું 'થીંગડું' માત્ર છે:

"આજે મને બરાબર હમજાઈ ગ્યું સે કે ગમે તેવા હારા કાપડનું હોય પાંણ થીંગડું એ તો થીંગડું જ ! ને મીંતે હાથે કરીને ભટકાવેલું તે ભોગ લીધે જ...! ઈના કરતાં તો પેલ્લાંવાળો શ્યું ખોટો ?" (પેજ. 105)

નાતરામાં માતા સાથે આવેલી સંતાનની સામાજિક ઓળખની કટોકટી મીનાના પ્રશ્નમાં વેધક રીતે પ્રગટ થાય છે:

"આઈ, મારા કપાળમાં બાપા કે'વાનું યે નસીબ નઈ? તું સ બતાડ કે મારું પિયેર ક્યાં ને મારો બાપો કૂણ?" (પેજ. 107)

જ્યારે દારૂડિયો ચંદુડો પોતાની જ સાવકી દીકરી મીનાની ઉઘાડી પિંડીઓને કામાંધ નજરે તાકે છે અને અંતે એક દિવસે મીનાની લાજ લૂંટવાનો પ્રયાસ કરે છે, ત્યારે ગૌરીની માતૃત્વચેતના જાગી ઊઠે છે:

"અરે, સગપણાનાં પારખાં તો વગડાઉ જનાવરાંયે કરી જોણતાં ઓય સે. પછી ઈ નખ્ખોદીયાને માંણહ કે'વો કે રાખ્ખશ? બાપ થેઈને ? હાળો ભૂંડ !" (પેજ. 108)

સમાજ કે પિયરનો સહારો ન મળતાં મા-દીકરી પોતે જ ન્યાય તોળે છે અને રાત્રે ચારના માંડવા પર સૂતેલા ચંદુડાને ઘાસતેલ છાંટીને જીવતો સળગાવી દે છે (પેજ. 109-110).

૮. 'હડફેટ' :

'હડફેટ' વાર્તા ગ્રામીણ સમાજમાં ભૌતિકવાદ અને સ્વાર્થવૃત્તિને કારણે વૃદ્ધ માતા-પિતા તેમજ ઘરડા પશુઓ પ્રત્યે સંતાનોની સંવેદનહીનતાને ઉજાગર કરે છે. પત્ની શાંતાના મૃત્યુ પછી વાલજીના બંને દીકરાઓ મોહન અને ભીખલો (જે શહેરમાં ભણેલો છે) ઘરના બે ભાગલા પાડી દે છે અને બાપના જમવાના વારા બાંધી દે છે:

"પોતે ? - એક મઈનો (મહીનો) મોહનનો તો એક મઈનો ભીખલાનો વળી ! - તો પોતાના માટે બે મણનું ખેતર ? ... ના, ના. બાપના વારા કાઢવાની ને કાળિયાને કટાઈખોને આલવાની મતિ ઈની બેરીને જ સૂઝી'તી ને !" (પેજ. 114)

જે કાળિયા બળદે વર્ષો સુધી હળ અને ગાડાં ખેંચ્યાં, તે બીમાર પડતાં દીકરા-વહુઓ તેની સારવાર કરવાને બદલે કસાઈખાને વેચવાની વાત કરે છે અને વૃદ્ધ વાલજીએ પોતે ડુંગરે જઈ સાદડની છાલ લાવી ઉકાળો બનાવવો પડે છે (પેજ. 111-112). ગોવાળ ખીમલાના શબ્દોમાં નવી પેઢીની સ્વાર્થપરતાનું સચોટ બયાન મળે છે:

"હાળી આ નવી પેઢીના છોકરાઓને મન ફાટેલાં લૂંગડાં, જીવ જનાવર કે માવતરમાં કોંય ફરક જ નઈ ? જોણે ઈ તો ઘયડા થવાના જ નથ્થું !" (પેજ. 115)

અંતે વાલજી નાથા મુખીની મદદથી પોતાના ભાગનું બે મણનું ખેતર ગામના વાણિયાને વેચી દેવાનું નાટક રચે છે. મિલકત હાથમાંથી જવાની બીકે બંને દીકરાઓ અને તેમના પક્ષમાં રહેલા જુવાનિયાઓ વૃદ્ધોની 'હડફેટ'માં આવી જાય છે અને સ્ટેમ્પ પેપર પર માવતર તથા બળદની સેવા કરવાની બાંહેધરી આપવા મજબૂર બને છે:

"અમારાથી મોટી ભૂલ... પાંણ અવેથી એવું નીં થાય એ ઈસ્ટેમ પર લખી આલીયે." (પેજ. 117)

૯. 'મને ખુલ્લું આકાશ જોઈએ' :

આ વાર્તામાં આદિવાસી સમાજમાં શિક્ષણને કારણે આવતી નારી-જાગૃતિ અને પરંપરાગત ગોત્ર-પ્રથા તથા પિતૃસત્તાક રૂઢિચુસ્તતા વચ્ચેનો સંઘર્ષ નિરૂપાયો છે. દરબારસાહેબના ભૂતપૂર્વ અંગરક્ષક રહેલા શનાભાઈમાં સામંતશાહી ઠાઠ અને રોફ હજી અકબંધ છે. તેઓ પોતાની એકની એક દીકરી કિરણને અમદાવાદની કૉલેજમાં ભણાવે છે, પરંતુ લગ્નની બાબતમાં પોતાના મિત્રના દીકરા શંભુ સાથે જ તેને પરણાવવા માંગે છે. કિરણ સ્પષ્ટપણે પોતાનો અધિકાર માંગે છે:

"બાપા, જીવનની બાબતમાં નિર્ણય લેવાનો મને અધિકાર હોય કે નહીં ?... બાપા, તમે મને શંભુ જોડે પરણાવવા માગો છો ?... તો તો એ મને મંજૂર નથી. મારાં લગ્ન મારી પસંદગીથી જ થશે." (પેજ. 118)

દીકરીનો આ જવાબ સાંભળી શનાભાઈનો પિતૃસત્તાક અહંકાર ઘવાય છે અને તેઓ કિરણને તમાચો મારી ગળું પકડી લે છે:

"તું તો મારી દીકરી હે કે દશમન? બે સોપડી ભણ્યા એટલે મોટાં કલેક્ટર થેઈ ગ્યાં કે?" (પેજ. 118)

વાર્તામાં આદિવાસી સમાજની સગોત્ર લગ્નનિષેધની પ્રથા પણ કેન્દ્રમાં છે. કિરણ જે યુવાન (આકાશ)ને પ્રેમ કરે છે તે 'ડામોર' ગોત્રનો જ હોવાથી કિરણની માતા મણિબહેન ચોંકી ઊઠે છે:

"બેટા, ઈ તો આપડેય ડોમોરને ઈયે ડોમોર. એકુસ ગોત્તરમાં દીકરી વેવાર તે કિમ થાય?" (પેજ. 123)

તેના પ્રત્યુત્તરમાં શિક્ષિત કિરણ આધુનિક દૃષ્ટિકોણ રજૂ કરતાં કહે છે: "બા, આ જમાનામાં ગોત્રબોત્ર રહ્યાં જ છે ક્યાં ? ઠીક છે કોઈ સગપણ કે વેરઝેર હોય તો ન વિચારાય પણ..." (પેજ. 123). માતા-પિતાની સંમતિ ન મળતાં પરીક્ષા આપવા અમદાવાદ ગયેલી કિરણ પાછી ફરતી નથી અને છાપરાના માળામાંથી ઊડી ગયેલા ચકલીના બચ્ચાની જેમ પોતાનું 'ખુલ્લું આકાશ' પસંદ કરી લે છે.

૧૦. 'તાપ, તરહ અને હું' :

'તાપ, તરહ અને હું' વાર્તા ગ્રામીણ અને આદિવાસી સમાજમાં સ્ત્રીને પશુ કે વસ્તુની જેમ વિનિમયમાં વાપરતી 'હાટાપાટા' (સાટાપદ્ધતિ) અને કન્યાવિક્રયની પ્રથા પર જબરદસ્ત પ્રહાર કરે છે. નાયિકા ગીતાને બાળપણના પ્રેમી ધનજીથી વિખૂટી પાડીને 'લાખ ને લાગની વેતરણમાં' નપુંસક લખુડા સાથે પરણાવી દેવામાં આવે છે (પેજ. 126). પાંચ વર્ષ સુધી સંતાન ન થતાં પતિની નપુંસકતાનો દોષ પણ સમાજ અને સાસરિયાં ગીતા પર જ ઢોળે છે:

"રેવાબૂન, આ ગંગાનાં વઉ જુઓ ક ! રાંડ તો પાડાની પેઠમ ફરે સઅ ને બાપડો આદમી તો શેલડીનો સાંઠો. બોલો, આદમીની કાંય પડી સઅ?... પાંચ વરહેય ઈયોનું આભલું કોરું.. તો ય છે કાંય ચંત્યા?" (પેજ. 127)

આબરૂ ઢાંકવાના નામે સાસુ અને નણંદ ગીતાને શહેરથી આવેલા દિયર કાનાજી સાથે શારીરિક સંબંધ બાંધી વંશ આગળ વધારવા દબાણ કરે છે, જે કૌટુંબિક નીતિમત્તાના પતનનું વરવું ઉદાહરણ છે:

"વઉ બેટા, અમેય ચ્યાં નથી જોણતાં કે મારા લખુડામાં કાંય રોમ નથી. પણ બળ્યો કટમ્બની આબરુનો સવાલ... બેટા, ઘરની ભીંતોયે નથી જોણવાની કે ઘી ખિસડીમાં જ ઢોળાયું સઅ." (પેજ. 128)

ગીતા આ અનૈતિક માંગણીનો પ્રચંડ વિરોધ કરીને 'ફારગતિ' (છૂટાછેડા) લે છે, પરંતુ પિયરમાં પણ મા-બાપ અને ભાઈ-ભાભી તેને ચાર લાખ રૂપિયા અને 'હાટાપાટા'માં ભત્રીજાની વહુ લાવવાના સોદામાં વેચવા બેસે છે:

"ફળિયાવાળા નોટોનાં બંડલ નાંખવા માંડ્યા સઅ.... પણ ચાર લાખ.. એવું હંભળાય તૈ તો આઈના મૂંઢા પર ગલાલ ગલાલ વરતાઈ ર'યો સઅ... ને બીજી બાજું ભાઈ ને ભાભી ? નવાં નક્કોર લૂગડે બૂન-નણંદના બદલામાં રૂપારી વઉ વોરવા નેહર્યા સઅ... ઉં તો કાંય બાવળીયાનું લાકડું સું ? કે પસઅ રેંગણ-બટકાનું શાક તે મને વેપાર કે વાટકી વે'વારમાં ખપાવો સો?" (પેજ. 129)

સમાજમાં દીકરીને 'લક્ષ્મી' કહેવાના દંભ અને નાત-કુટુંબના ભ્રષ્ટ વ્યવહારો સામે ગીતાનો આક્રોશ સમગ્ર નારીસમાજનો વિદ્રોહ બની રહે છે:

"કોણ કટમ્બી ને કોણ નાત....? હાટાપાટા, ફારગતિઓ, ગળાફાંસા, ફોરેટનાં ડબલાં, જેઠ-વઉ ને હાહરા—વઉનાં સાંનગપતિયાં કે બીજું કાંય ? અમોને 'લખમી' કે'નારા.. તારો જીભડો ચ્યમ વઢાઈ નથી જાતો ?" (પેજ. 130)

અંતે ગીતા નાતને જ 'નાતબહાર' ગણીને પોતાના બાળપણના પ્રેમી ધનજીના ઘરે જવા આંધી અને તાપ-તરસની વચ્ચે પણ મક્કમ ડગ માંડે છે.

૧૧. 'ભાગિયો' :

'ભાગિયો' વાર્તામાં પરંપરાગત ખેડૂત સમાજમાં શિક્ષણ પ્રત્યેની સૂગ, આણાની પ્રથા, ભણેલા પતિ અને અભણ પત્ની વચ્ચેનું માનસિક અંતર તથા અપરાધ ઢાંકવા માટે લેવાતો ધૂણવાની અંધશ્રદ્ધાનો સહારો નિરૂપાયો છે. નાયિકા મણિના સસરા હરજી પટેલ જ્ઞાતિના વિરોધ વચ્ચે પણ દીકરા ગલાજીને ભણાવે છે, ત્યારે કાકાસસરા પરંપરાગત જ્ઞાતિ-માનસિકતા રજૂ કરતાં કહે છે:

"લ્યા હરજી, પટેલનો જણ્યો ભણીગણીને નોકરી કરવા જાશે તો પસઅ તારી હેતી કુણ હંભાળશે ? પેલા ગાંયજા, કુંભાર કે ભરામણ? ... છાંનમાંનો છોકરાને ઓળ (હળ) હાંખતાં હીખવાડ નૈ તો તારા ધોળામાં ધૂળ પડી હમજજે." (પેજ. 132-133)

ભણવામાં ડૂબેલા પતિ ગલાજીની ઉપેક્ષા અને કાકીસાસુ તથા દિયર ધનાજીની ચઢાવણીથી મણિ પાંચ વર્ષ પિયર બેસી રહે છે અને નાતપંચ સમક્ષ ફારગતિ માંગતાં પતિની ભરી સભામાં આબરૂ કાઢે છે:

"મારા આદમી ને પૂંસો કે ઈયોનું બૈરું કોણ ? ઉં કે ઈયોનાં થોથાં?" (પેજ. 134)

નાતપંચ બે વર્ષનો સમય આપી ઘર સંધાવે છે. પરંતુ સસરાના મૃત્યુ પછી જમીન 'ભાગમાં' વાવવા આપતાં ભાગિયા ચેલાજી અને દિયર ધનાજી સાથેની મણિની નિકટતા ગામગપાટાનો વિષય બને છે. નવરાત્રીની આઠમે અમદાવાદ ગયેલા ગલાજી અચાનક રાત્રે વહેલા પરત ફરે છે અને અંધારામાં મણિના ખાટલા પાસે રહેલા પરપુરુષ (ધનાજી કે ચેલાજી)ના હાથે બૂધાના ઘાથી માર્યા જાય છે. પોતાનું પાપ છુપાવવા મણિ સમાજની અંધશ્રદ્ધાનો ચતુરાઈપૂર્વક ઉપયોગ કરે છે; તે પતિનું શબ આવતાં જ પોતાના શરીરમાં મૃત પતિ ગલોજી આવ્યા હોવાનું નાટક કરી ધૂણે છે:

"ઉં ગલો, ઉં ગલો સું. ને ચોકવટ કરવા ડિલમાં આયો સું... ટેશનથી ગોમની વાટ પકડું તૈ તો મોથામાં ને સાતીમાં બધે બૂધે બૂધે ઝૂડી નાંખ્યો બાપ." (પેજ. 138)

ધૂણવાના ઓઠા હેઠળ તે પતિની હત્યાને રસ્તામાં થયેલી અજાણ્યાની હત્યામાં ખપાવી દે છે અને જમીન ચેલાજીને જ ભાગમાં આપવાનો ચુકાદો જાહેર કરે છે, પરંતુ અંતે આખી જિંદગી અંતરાત્માના ડંખમાં સળગતી રહે છે.

૧૨. 'અંધારાં' :

'અંધારાં' વાર્તામાં દારૂના વ્યસનથી ક્ષયરોગ (ટી.બી.)નો ભોગ બનેલા યુવાન પતિની લાચારી અને પોતાના જ સસરાની કામાંધ વૃત્તિનો શિકાર બનતી પત્ની રૂપલીની મનોવ્યથા આલેખાઈ છે. બાબુડો દારૂની લતને કારણે ક્ષયરોગથી પીડાય છે અને નપુંસકતા તથા હાંફણીથી

ખાટલાવશ છે. પત્ની રૂપલી પતિને સાજો કરવા તમામ દેશી ઉપચારો, દોરા-ધાગા અને પોતાનું લોકીટ વેચીને દવાખાનાની સારવાર પણ કરાવે છે:

"દેશી મરઘીનાં ઈંડાંથી માંડીને બકરાની પિત્ત ને કલેજી, અરે ! કાચબાનું માંસ ખવડાવવામાંયે એ ક્યાં અચકાઈ'તી? પણ કેમેય બાબુડાના દુ:ખનો ડુંગર હટતો ન અનુભવાયો ત્યારે ? દોરા-ધાગા ને ડાકલું કૂટવામાંયે...!" (પેજ. 142)

બીજી તરફ, પંચાવન-સાઈઠ વર્ષનો માથાભારે સસરો ખીમલો પુત્રની બીમારીનો ગેરલાભ ઉઠાવી આંબા નીચેના ખાટલેથી રાત્રે ખોંખારા ખાઈને અને બેટરીના ઝબકારા કરીને પુત્રવધૂ રૂપલીનું શારીરિક શોષણ કરવા દબાણ કરે છે. બાબુડો જ્યારે રૂપલી પર શંકા કરે છે ત્યારે રૂપલી ફાટી પડે છે:

"ઈ તારા હગલાને સ પૂંસ (પૂછ) કે હેની વકરાઈમા ખોકારા કરતો હે? સાંનો કેમ થેઈ ગ્યો? ઈને પૂંસવાની સાતી હે? ઈને પૂનિયા બાવસી (પૂર્વજો)ના હમ ખવડાવીને પૂંસ કે તારા મનનો કાદેવ જાય !" (પેજ. 143)

સસરાના સતત બેટરીચાળા અને ત્રાસથી બચવા રૂપલી લાચાર પતિની સોડમાં ભરાય છે, પરંતુ રોગગ્રસ્ત પતિ તેનું રક્ષણ કરવા અસમર્થ છે. અંતે પાંચ વર્ષના લગ્નજીવનની યાતનાનો અંત આણવા રૂપલી આપઘાત કરી લે છે અને તેની લાશ ઝોળીમાં લવાય છે ત્યારે બાબુડો કૂહાડો લઈ ખીમલાના બેઠકરૂપ આંબાનું થડ વાઢતાં-વાઢતાં જ પ્રાણ છોડી દે છે.

૧૩. 'કૂતરાં હું ખોટાં ?' :

'કૂતરાં હું ખોટાં ?' વાર્તા આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીન પરના પરંપરાગત અધિકારોના હનન, વનખાતાના ભ્રષ્ટાચાર, રાજકારણીઓની દગાબાજી અને પોતાના હક માટે લડતા આદિવાસીને 'નક્સલવાદી'માં ખપાવી દેવાની સત્તાધીશોની ચાલબાજીનો પર્દાફાશ કરે છે. ડુંગરની ટોચે બેઠેલા ભીખલાની વેદનામાં સમગ્ર આદિવાસી સમાજની ઐતિહાસિક પીડા વ્યક્ત થઈ છે:

"ઓ ડુંગરાબાવસી ! તું તો છેક અમારા દાદા-પડદાદાના ટે'મનો, દન બાવસી (સૂર્ય) ને સાંદાબાવસી (ચંદ્ર)ના ટે'મથી અમારો સ . પાંણ અમે એવા હૂં ગૂના કીધા કે આજ અમારે ચોરટાંની જેમ જિજ્બાનું ?" (પેજ. 146)

અંગ્રેજ શાસનથી શરૂ થયેલું વનવાસીઓનું શોષણ આઝાદી પછીના સ્વરાજમાં પણ અટક્યું નથી, તેની વેધક નોંધ ભીખલાના દાદાના શબ્દોમાં મળે છે:

"દીકરા, જે દાડે અંગરેજ રાજ આપ્યું ને ઈની નજર હોના (સોના) જેવા ડુંગરા માથે પડી તઈથી સ આપડા દા'ડા બેહી ગ્યેલા. ઈણે લાકડાં કપાવ્યાં ને કોલસાયે.. ને ગરજ મટી કે આપડે લાકડાચોર ! ... રાજ આયું તઈથી તો જોણે કળજગ બેઠો. ઈના પાપે સ તો આજ આ વેઠ્યો... ને આપડે તો નઈ ઘરના કે નઈ ઘાટના !" (પેજ. 147-148)

વનખાતાના અધિકારીઓ આદિવાસીઓ પાસે મફતમાં પ્લાન્ટેશનની વેઠ કરાવે છે, જમીનની સનદ આપવાના નામે દેશી કૂકડી અને દારૂની લાંચ લે છે (પેજ. 148) અને અંતે દસ વર્ષે ખેડેલી જમીનને 'ગેરકાયદે દબાણ' ગણાવી ખાલી કરાવે છે. આંદોલન કરતાં પોલીસ ગોળીબારમાં યુવાન ખીમલો શહીદ થાય છે (પેજ. 149). ગામનો જ દલાલ ભગલો નેતાજી અને વન-અધિકારીઓ સાથે મળી જઈને આખા ગામની જમીનના હકના બદલામાં માત્ર પંદર યુવાનોને 'વનસહાયક'ની નોકરીના ઓર્ડર અપાવી આંદોલન સમેટી લે છે. જ્યારે ભીખલો આ છેતરપિંડી સામે અવાજ ઉઠાવે છે ત્યારે નેતાજી તેને 'નક્સલવાદી' જાહેર કરી પોલીસના હવાલે કરે છે:

"ભાઈઓ-બહેનો, તમે જાળવી રાખેલી શાંતિને હું નમન કરું છું. આવાં એક-બે નક્સલવાદી તત્ત્વોને લીધે જ બધાને હેરાન થવું પડતું હોય છે." (પેજ. 153)

સમગ્ર ગામ જ્યારે સ્વાર્થમાં આંધળું બનીને ચૂપ રહે છે, ત્યારે માત્ર ભીખલાનો કૂતરો 'ભૂરીયો' જ પોલીસ સામે લડે છે. ભીખલાનો અંતિમ ચિત્કાર સ્વાર્થી સમાજની ચેતનાને ઝંઝોડી નાખે છે:

"બાપ-દાદાના પસીનાને મૂત્તરના મૂલે ખોઈ દેનારા હાહરા નઘરાઆંવ...! તમાં કરતાં તે કૂતરાં હૂં ખોટાં ?" (પેજ. 153)

૧૪. 'સરપંચ' :

સંગ્રહની અંતિમ વાર્તા 'સરપંચ'માં પંચાયતી રાજ હેઠળના ગ્રામીણ રાજકારણનું વાસ્તવિક ચિત્ર રજૂ થયું છે. બે ટર્મથી ચૂંટાઈ આવતો માથાભારે સરપંચ ધૂળો ગરીબોની જમીનો પચાવી પાડનાર અને દારૂ-માંસની મહેફિલોના જોરે ચૂંટણી જીતનાર ભ્રષ્ટ નેતા છે. તેણે વાલજી

ભગતના પિતાની મહેનતની જમીન પણ પચાવી પાડી હતી, જેના આઘાતમાં વાલજીના પિતાનું મૃત્યુ થયું હતું (પેજ. 155-156). તેની સામે સત્યનિષ્ઠ વાલજી ભગત ઉમેદવારી નોંધાવે છે.

પ્રારંભમાં વાલજી માત્ર ભજનમંડળી અને ખાટલાસભાઓથી પ્રચાર કરે છે, પરંતુ કુટુંબીજનો અને લાલીના પાનો ચઢાવવાથી તે વ્યૂહાત્મક પ્રચાર અપનાવે છે:

"એકલાએકલા કરમના જોરે કદા નૈતયણી તરાય પાંણ ચૂંટણી તો નઈ જ... જો ભઈ, એવા એંકારી, જૂઠાને મોંથાભારે મોંણહને પાધરો કરવો અહે તો કટમ્બને બીજાં કૈક જણાંને જોડવાં પડહે." (પેજ. 155)

વાર્તામાં ગ્રામીણ ચૂંટણીના બે વિરોધાભાસી ચિત્રો સામસામે મૂકવામાં આવ્યાં છે — એક તરફ ધૂળિયાની છાવણીમાં કપાતા પાડા-બકરા અને દેશી દારૂની છોળો છે, તો બીજી તરફ વાલજી ભગતના પક્ષે ભણેલી છોકરીઓ, સ્ત્રીઓ અને યુવાનો દ્વારા ઘેર-ઘેર જઈને થતો મતદાર-સંપર્ક અને ધૂળિયાના જમીન-કૌભાંડનો પર્દાફાશ છે:

"એક તરફ કપાતા પાડા-બકરા ને દેશીદારૂથી છલકાતા માહોલમાં ગૂંજતી વાતો, ખીખલી, હાકલા-પડકારાઓથી ડુંગરીઓનો બોલતી થઈ ગઈ હોય તો બીજી તરફ ચોખ્ખા વહીવટની ખાત્રી સાથે વોટની અપીલ, સાથેસાથે રોડસાઈડની જમીનમાં ધૂળિયાની મંડળીએ કરેલા કૌભાંડની વાતોમાં ઘણાં-ખરાંને પોતાનો જ અવાજ સાંભળવા મળે." (પેજ. 156)

મતદાનના દિવસે ધૂળિયાના ટોળાં જોઈને વાલજી નાહિંમત થઈ જાય છે, પરંતુ મતગણતરીના અંતે ધૂળિયાના ટેકેદારો ગણાતા મતદારોએ પણ ખાનગીમાં વાલજી ભગતને મત આપીને વિજયી બનાવ્યાનું જાહેર થાય છે (પેજ. 156). આમ, આ વાર્તા ગ્રામીણ મતદારોમાં આવતી રાજકીય સભાનતા અને સત્યના વિજયનો આશાવાદ પ્રગટાવે છે.

ઉપરોક્ત દરેક વાર્તાઓના અભ્યાસના આધારે 'વન્યરાગ' વાર્તાસંગ્રહના સામાજિક સંદર્ભના નીચે મુજબના તારણો મળે છે:

પ્રભુદાસ પટેલના 'વન્યરાગ' વાર્તાસંગ્રહ ઉત્તર-પૂર્વ ગુજરાતના ડુંગરાળ આદિવાસી અને ગ્રામીણ સમાજના સામાજિક જીવનનું અત્યંત વાસ્તવિક અને ઊંડું ચિત્ર રજૂ કરે છે. આ સંગ્રહને તપાસતા તેમાંથી પાંચ મુખ્ય સામાજિક પરિમાણો સ્પષ્ટપણે ઉપસી આવે છે. સૌપ્રથમ, સમાજમાં વ્યાપેલા નારીશોષણ અને લગ્નપ્રથાની વિકૃતિઓનું આલેખન 'ખાખી જીવડાં', 'તું આને ય લાયક ખરો ?', 'થીંગડું', 'તાપ, તરહ અને હું' તથા 'અંધારાં' જેવી વાર્તાઓમાં જોવા મળે છે, જ્યાં બળજબરીપૂર્વકનું નાતરું (છેડાગાંઠ), હાટાપાટા (સાટાપદ્ધતિ), કન્યાવિક્રય, દિયરવટું અને સસરા કે સાવકા બાપ દ્વારા થતા જાતીય શોષણ સામે નારીનો સક્રિય વિદ્રોહ પ્રગટ થાય છે.

બીજું મહત્ત્વનું પાસું જ્ઞાતિપંચ અને પરંપરાગત રિવાજોની જોહુકમીનું છે, જે 'દીકરી', 'વેર', 'ભાગિયો' અને 'તાપ, તરહ અને હું' વાર્તાઓમાં નાતપંચની તોડપાણી, હિંસક 'વેર' (ચડોતરા) ની પ્રથા, ફારગતિ અને જ્ઞાતિના ખોટા 'વટ' ખાતર વ્યક્તિગત સ્વાતંત્ર્યના ભોગ તરીકે આલેખાયું છે. ત્રીજું, શિક્ષણ અને આધુનિકતાના આગમનને કારણે સમાજમાં પેઢીગત સંઘર્ષ સર્જાયો છે, જે 'દીકરી', 'મને ખુલ્લું આકાશ જોઈએ', 'રૉમ-લખમણ', 'હડફેટ' અને 'ભાગિયો' વાર્તાઓમાં કન્યા-શિક્ષણ, સ્વ-પસંદગીના લગ્ન, ગોત્ર-પ્રથાનો અસ્વીકાર, સંયુક્ત પરિવારના વિઘટન અને વૃદ્ધ માવતરની અવહેલનાના રૂપમાં દ્રશ્યમાન થાય છે.

ચોથું, આદિવાસી અને ગ્રામીણ સમાજના લોકમાનસમાં વણાયેલી અંધશ્રદ્ધા અને ધાર્મિક વિધિ-વિધાનો 'ઉજાસ', 'ખાખી જીવડાં', 'ભાગિયો' અને 'અંધારાં' વાર્તાઓમાં ડાકલાં, દોરા-ધાગા, ભગતનું ધૂણવું, વળગાડ કાઢવા મરચાંનો ધૂપ અને અપરાધ છુપાવવા માટે ધૂણવાના પાખંડના માધ્યમથી સચોટ રીતે નિરૂપાયા છે. અંતે, વન-અધિકાર અને ગ્રામીણ રાજકારણ જેવા સમકાલીન પ્રશ્નો 'કૂતરાં હું ખોટાં ?' અને 'સરપંચ' વાર્તાઓમાં કેન્દ્રસ્થાને રહ્યા છે, જેમાં વનખાતા દ્વારા આદિવાસીઓનું વિસ્થાપન, વેઠપ્રથા, રાજકીય દંભ, જમીન-કૌભાંડો અને પંચાયતની ચૂંટણીના ભ્રષ્ટ માહોલ વચ્ચે પણ નૈતિક મૂલ્યો અને જાગૃતિની ઝાંખી થાય છે. આમ, 'વન્યરાગ' એ પરંપરા અને આધુનિકતાના સંધિકાળે ઊભેલા આદિવાસી સમાજની વેદના અને સંઘર્ષનો અજોડ સંગ્રહ છે.

ઉપસંહાર

લેખકે વનવાસી સમાજને કોઈ રોમેન્ટિક કે કાલ્પનિક રંગોથી ચીતરવાને બદલે તળપદી બોલી, લોકગીતો, કહેવતો અને પ્રાદેશિક પરિવેશની યથાર્થતા સાથે તેના આંતર-બાહ્ય સંઘર્ષોને નિરૂપ્યા છે. ખાસ કરીને, આ વાર્તાઓની સ્ત્રી-પાત્રો (શનુ, કાંતા, ગૌરી, કિરણ, ગીતા) પરંપરાગત શોષણની સામે લાચાર બનીને બેસી રહેવાને બદલે અન્યાય સામે પ્રચંડ પ્રતિકાર કરતી આધુનિક નારીચેતનાનું પ્રતિનિધિત્વ કરે છે. તે જ રીતે 'કૂતરાં હું ખોટાં ?' અને 'સરપંચ' જેવી વાર્તાઓ વનવાસી સમાજના જળ-જંગલ-જમીનના સંઘર્ષ અને લોકશાહી મૂલ્યોની જાગૃતિને વાચા આપે

છે. આમ, સામાજિક સંદર્ભે 'વન્યરાગ' એ પરંપરા અને આધુનિકતાના સંધિકાળે ઊભેલા વનવાસી-ગ્રામીણ સમાજની સંવેદનાઓનો સશક્ત કલાત્મક આવિષ્કાર છે.

સંદર્ભગ્રંથ :

વન્યરાગ(વાર્તાસંગ્રહ)- પ્રભુદાસ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,પ્રથમ આવૃત્તિ ૨૦૧૪, બીજી સંવર્ધિત આવૃત્તિ ૨૦૧૯.